# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ** **તા. ૦૮/૦૬/૨૦૧૭**

**મહેસાણામાં યુવકના મૃત્યુની ઘટના દુ:ખદ છે. તેનાં માટે ભાજપ સંવેદના વ્યક્ત કરે છે. – ભરત પંડ્યા**

-------------------

**કોંગ્રેસ મહેસાણાની ઘટનાને રાજકીય રંગ આપીને હિંસક વેર-ઝેર ફેલાવવાના મલિન ઈરાદાઓ ધરાવે છે**

-------------------

**બંધને સંપૂર્ણ નિષ્ફળ બનાવીને મહેસાણા, ઉત્તર ગુજરાતની જનતાએ કોંગ્રેસનાં શાંતિ ડહોળવાનાં પ્રયાસને જાકારો આપી દીધો છે.**

-------------------

**બંધના એલાનને સંપૂર્ણ જાકારો આપવા બદલ મહેસાણા, ઉત્તર ગુજરાતની જનતાનો હૃદયપૂર્વક આભાર.**

-------------------

ભાજપ પ્રદેશ પ્રવકતા ભરત પંડ્યાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, મહેસાણામાં યુવકનું મૃત્યુ દુ:ખદ છે. તેના માટે ભાજપ સંવેદના વ્યકત કરે છે.

શ્રી પંડયાએ વધુ જણાવ્યું હતું કે, ગુજરાતની રાજય સરકારે આ સંવેદનશીલ ઘટનાની તપાસ ચીફ જ્યુડીસીયલ મેજીસ્ટ્રેટને સોંપી છે. કોંગ્રેસ આ મુદ્દે રાજકારણ કરવાનો પ્રયાસ કરે છે, આ રાજકરણનો મુદ્દો નથી સંવેદના અને માનવતાનો વિષય છે. સત્તા વગર તરફડતી કોંગ્રેસ પોતાના પક્ષમાં ચાલતી આંતરીક તીવ્ર જુથબંધી તરફથી જનતાનું ધ્યાન હટાવવા માટે આવી સંવેદનશીલ ઘટનાઓને રાજકીય રંગ આપીને હિંસક વેર-ઝેર ફેલાવવાના મલિન ઈરાદાઓ ધરાવે છે અને પ્રજાજનો વચ્ચે વર્ગવિગ્રહ કરાવીને ગુજરાતમાં શાંતિ ડોહળવાના પ્રયાસો કરી રહી છે. પરંતુ ગુજરાતની શાણી અને સમજુ પ્રજા કોંગ્રેસના આ મલિન ઈરાદાઓ અને કોંગ્રેસની મેલી રાજકીય રમતને ઓળખી ગઈ છે અને તેથી જ કોંગ્રેસના બદઈરાદાને જનતાએ જાકારો આપીને બંધનાં એલાનને સંપૂર્ણ નિષ્ફળ બનાવ્યું છે.

શ્રી પંડયાએ મહેસાણા અને ઉત્તર ગુજરાતમાં જનજીવન રાબેતા મુજબ રાખવા બદલ જનતાનો હૃદયપૂર્વકનો આભાર માન્યો હતો.

**(ડૉ. હર્ષદ પટેલ)**
**કન્વીનર-મીડીયા સેલ**